| |
|---|
| ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ દ્વારા પર્સનલ સેક્રેટરી (અંગ્રેજી સ્ટેનોગ્રાફર) ગ્રેડ-2 વર્ગ-3 સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે વર્તમાન પત્રમાં તા.14/04/2023થી જાહેરાત નં.1 પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને દરેક સંવર્ગના અભ્યાસક્રમ (સીલેબસ) વેસસાઈટ ઉપર રજુ કરાયેલ છે. રજુ કરાયેલ અભ્યાસક્રમ માં નીચે મુજબ સુધારા વધારા કરવામાં આવેલ છે જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી. |
| પર્સનલ સેક્રેટરી (અંગ્રેજી સ્ટેનોગ્રાફર) ગ્રેડ-2 વર્ગ-3 સંવર્ગની પરીક્ષાનું આયોજન કરવામાં આવનાર છે. જેની વિગતો અંગેની માહિતી વેબસાઈટ ઉપર જાણ કરવમાં આવશે. |

જાહેરાત ક્રમાંક:01/2023

## પર્સનલ સેક્રેટરી (અંગ્રેજી સ્ટેનોગ્રાફર) ગ્રેડ-2 વર્ગ-3ની જગ્યા પર ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાનો અભ્યાસક્રમ

(1) લાયકી પરીક્ષા (લઘુલિપિ કસોટી) (30 મીનીટ)

(ક) પ્રતિ મિનિટ ૮0 શબ્દોની ઝડપે બે મિનિટના અંગ્રેજી પરિચ્છેદનું લઘુલિપિમાં શ્રુતલેખન અને તેનું અનુલેખન પ્રતિ મિનિટ સાત શબ્દોની ઝડપે કરવું (સુવાચ્ય હસ્તાક્ષરમાં, ટાઈપિંગથી નહિ).

(ખ) આ કસોટીનો હેતુ, આપેલ શાબ્દિક ઝડપ માટે લઘુલિપિના લખાણમાં લખવા માટેની ઉમેદવારની ક્ષમતા ચકાસવાનો છે.

(ગ) કસોટીનો હેતુ, લઘુલિપિમાં ઉમેદવારોના કૌશલ્યની ખાતરી કરવાનો છે. લઘુલિપિમાં જરૂરી કૌશલ્ય ધરાવતા હોય તેવા ઉમેદવારોને, મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર જાહેર કરવામાં આવશે.

(2) મુખ્ય પરીક્ષાની યોજના અને તેના વિષય:-

મુખ્ય પરીક્ષા, નીચેના બે પ્રશ્નપત્રોની રહેશે.

પ્રશ્નપત્ર-1 : અંગ્રેજી : ભાષા પ્રભુત્વ અને કોમ્પ્યુટરની જાણકારી (વર્ણનાત્મક અને હેતુલક્ષી)

પ્રશ્નપત્રનું માળખું : 100 ગુણ, સમયગાળો 2:00 કલાક (120 મિનિટ)

| | | |
|---|---|---|
| નિબંધ | વર્ણનાત્મક | 10 ગુણ |
| સંક્ષિપ્ત લેખન | વર્ણનાત્મક | 10 ગુણ |
| પત્રલેખન (બે પત્રો) | વર્ણનાત્મક | 20 ગુણ |
| ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર | વર્ણનાત્મક | 10 ગુણ |
| અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર | વર્ણનાત્મક | 10 ગુણ |
| અંગ્રેજી વ્યાકરણ | હેતુલક્ષી | 20 ગુણ |
| કોમ્પ્યુટર અંગેની પાયાની જાણકારી/ઓપરેશન્સ (ચલાવવા અંગેની જાણકારી) | હેતુલક્ષી | 20 ગુણ |
| | | 100 ગુણ |

પ્રશ્નપત્ર-2 : કૌશલ્ય કસોટી (લઘુલિપિ અને અનુલેખનનું ટાઈપિંગ) :100 ગુણ સમય : 60 મીનીટ

**પર્સનલ સેક્રેટરી (અંગ્રેજી સ્ટેનોગ્રાફર) ગ્રેડ-2 વર્ગ-3 માટે**

- લઘુલિપિ અને કોમ્પ્યુટર પર અનુલેખનનું ટાઇપિંગ
- 4 મિનિટના એક એવા 2 પરિચ્છેદોનું શ્રુતલેખન (કુલ 8 મિનિટ)
- શ્રુતલેખનની ઝડપ : અંગ્રેજી લઘુલિપિમાં પ્રતિ મિનિટ 100 શબ્દો
- અનુલેખનના ટાઇપિંગ માટેનો સમય : કુલ 50 મિનિટ

  બંને ફરકરાના કુલ 100 ગુણમાંથી 90 ગુણ અનુલેખન માટે અને 10 વિરામચિહ્નો વગેરે માટે ફાળવવામાં આવ્યા છે. અનુલેખન માટે ફાળવવામાં આવેલા ગુણમાંથી દરેક $2^1/_2$ ભૂલો માટે એક માર્ક કાપવામાં આવશે.

  **નોંધ:- દરેક કેસમાં લઘુત્તમ 20 માર્ક્સ સુધી આપી શકાશે અને ત્યારબાદ ઝીરો માર્ક્સ** આપવામાં આવશે.